एक कदम स्वच्छता की ओर

SWACHH SURVEKSHAN 2022

**કાર્યપાલક ઈજનેર**
**ઉધના ઝોન**

**સુરત મહાનગરપાલિકા,**
**સાઉથ ઝોન (ઉધના),**
સત્યનગર સામે,ઉધના,સુરત
FAX : 91-0261-2272147
PHONE : 2278429-2277043

**નં. સા.ઝોન /ટેક/૧૩૧૯**
**તા.૧૬/૦૫/૨૦૨૨**

**પ્રતિ,**

........................
........................
........................
........................

**વિષયઃ–** સાઉથ ઝોન–એ(ઉધના)માં આવેલ વિવિધ ગાર્ડનોમાં હયાત ફીઝીકલ ફીટનેસના સાધનો રીપેરીંગ તથા નવા ફીઝીકલ ફીટનેસના સાધનો( એક વર્ષનું ફ્રી મેઈન્ટેનન્સ સહિત) સપ્લાય અને ફીક્ષ કરવાનું કામ.

**સંદર્ભઃ–** (૧) મા.કમિશ્નરશ્રીની તા.૨૨/૧૧/૨૦૨૧ ની મંજુરીથી મંજુર ભાવે અને શરતે.
(૨) એડી સીટી ઈજનેરશ્રીની તા.૧૬/૦૫/૨૦૨૨ ની મંજુરી.

**મહાશય,**

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સાઉથ ઝોન–એ(ઉધના)માં આવેલ વિવિધ ગાર્ડનોમાં હયાત ફીઝીકલ ફીટનેસના સાધનો રીપેરીંગ તથા નવા ફીઝીકલ ફીટનેસના સાધનો( એક વર્ષનું ફ્રી મેઈન્ટેનન્સ સહિત) સપ્લાય અને ફીક્ષ કરવાના કામે મા.કમિશ્નરશ્રીની તા.૨૨/૧૧/૨૦૨૧ની મંજુરીથી મંજુર થયેલ ટેન્ડર અંદાજીત રકમ થી ૧૧.૧૨% ઉંચા ભાવ મંજુર કરવામાં આવેલ હોય, સદર કામગીરી સંદર્ભ (૧) મુજબની મંજુરી અને ટેન્ડરના મંજુર ભાવો અને શરતો મુજબ **રૂા.૩૫,૦૦,૦૦૦.૦૦ પૈ. થી ૧૧.૧૨% ઉંચું એટલે કે રૂા.૩૮,૮૯,૨૦૦.૦૦ પૈ.** ની મર્યાદામાં ઉક્ત વિષય મુજબની કામગીરી કરવામાં આવશે.

ઉક્ત કામગીરી **રૂા.૩૮,૮૯,૨૦૦.૦૦ પૈ.** ની મર્યાદામાં મા.કમિશ્નરશ્રીની તા.૨૨/૧૧/૨૦૨૧ ની મંજુરીથી મંજુર થયેલ ભાવે અને શરતે કામ કરવા સમંત હોય તો આપશ્રીની લેખિત સંમતિ તેમજ નીચે જણાવેલ ડોકયુમેન્ટ **તા.૨૪/૦૫/૨૦૨૨** સુધીમાં સાઉથ ઝોન–એ(ઉધના) ખાતે મોકલી આપવા વિનંતી. ઉપરોક્ત જણાવેલ તારીખ પછી કોઈ બંધ કવર સ્વીકારવામાં આવશે નહી.

**: શરતો :–**

૧. અર્નેસ્ટમની ડીપોઝીટ રકમ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફટ / પે.ઓર્ડરથી સંમતિપત્રક સાથે રૂા.૩૫,૦૦૦/– ની આપવાની રહેશે.

૨. ઈજારદારે 'ઈ–૧ વર્ગ' રજીસ્ટ્રેશન સર્ટીફિકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૩. ઈજારદારે અંદાજીત રકમના ૨૦% એટલે કે રૂા.૭,૦૦,૦૦૦/– કે તેથી વધુ રકમની વર્તમાન (ચાલુ) વર્ષની રાષ્ટ્રીયકૃત બેંકની સોલવંશી સર્ટીફિકેટ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૪. ઈજારદારે પૂર્ણ કરેલ કામના/ અનુભવના સર્ટીફિકેટ (ફોર્મ ૩–એ) ની પ્રમાણિત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

→ ઈજારદાર છેલ્લા ૦૭(સાત) વર્ષના સરખા પ્રકારના પૂર્ણ કરેલ કામ

➢ અંદાજિત રકમના ૪૦% એટલે કે રૂા.૧૪,૦૦,૦૦૦/–કે તેથી વધુ રકમ ના ૦૩(ત્રણ) સરખા પ્રકારના પૂર્ણ કરેલ કામ.

**અથવા**

➢ અંદાજિત રકમના ૫૦% એટલે કે રૂા.૧૭,૫૦,૦૦૦/–કે તેથી વધુ રકમ ના ૦૨(બે) સરખા પ્રકારના પૂર્ણ કરેલ કામ.

**અથવા**

➢ અંદાજિત રકમના ૮૦% એટલે કે રૂા.૨૮,૦૦,૦૦૦/–કે તેથી વધુ રકમ ના ૦૧(એક) સરખા પ્રકારના પૂર્ણ કરેલ કામ.

ટેન્ડરના ટેકનીકલ બીડમાં જણાવેલ શરતો મુજબ ઈજારદાર પૂર્ણ કરેલ કામના કુલ વર્કડન પર નાણાંકીય વર્ષ મુજબ મલ્ટીપ્લાઈંગ ફેકટર ગણતરીમાં લેવાશે.

૫. ઈજારદારે છેલ્લા ૦૩(ત્રણ) વર્ષના ટર્ન ઓવર સી.એ.ના લેટરપેડ પર સંમતિપત્રક સાથે આપવાના રહેશે.

૬. ઈજાદાર જી.એસ.ટી. રજીસ્ટ્રેશન સર્ટીફિકેટની પ્રમાણિત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૭. ઈજારદારે પાન કાર્ડ રજુ કરવાનું રહેશે.

૮. ઈજારદાર શીડયુલ–બી માં જણાવેલ ભાવ અને ટેકનીકલ બીડની શરતો ને બંધનકર્તા રહેશે.

૯. કોઈ પણ અથવા બધા જ સંમતિપત્રકો રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે તે અંગે કોઈ પણ કારણો આપવામાં આવશે નહિ.

૧૦. તમામ પ્રકારના વેરા ઈજારદારે ભોગવાના રહેશે.

૧૧. તમામ સરકારી/ અર્ધ સરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.

૧૨. સદર કામગીરી બાબતે અત્રેના હાઉસીગ વિભાગના ટેકનીકલ સ્ટાફનો સંપર્ક કરવો.

૧૩. સદર કામગીરી ઉકત મંજુર થયેલ ટેન્ડરના Detail Tecnical Specification મુજબ કરવાની રહેશે.

SD/-
**કાર્યપાલક ઈજનેર**
**સાઉથ ઝોન–એ(ઉધના)**
**સુરત મહાનગરપાલિકા**